# Synopsis

## મહાનિબંધનો સારાંશ

મહાનિબંધના પ્રથમ, 'નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન'— સિદ્ધાન્તચર્ચા' પ્રકરણમાં કાવ્યભાષા સંદર્ભે 'નવીકરણ', 'સમાંતરતા' અને 'વિચલન'ના વિભાગોની સ્પષ્ટતા રજૂ કરવામાં આવી છે.

પ્રકરણારંભે ભાષાતંત્રના એક મહત્ત્વના ભાગરૂપ 'શબ્દ'ની ચર્ચાને અનુષંગે 'પદાર્થશબ્દ' અને 'વિભાવનાશબ્દ'નાં અર્થસંકેત અને કાર્યક્ષેત્રની સોદાહરણ ચર્ચા કરી છે. એની સાથે જ સમાનાર્થી-વિરોધાર્થી શબ્દો વચ્ચેના અર્થગત સંબંધોની ચર્ચા ઉદાહરણ સહિત કરી છે. આ ચર્ચા માટે સોસૂરની ભાષાવિષયક વિચારણાને ખપમાં લીધી છે. એણે પ્રયોજેલ 'Term','Value', 'Signifier','Signified','Signification'વગેરે સંજ્ઞાઓની છણાવટ કરીને તેણે આપેલ ભાષાની વ્યાખ્યા વીગતે ચર્ચી છે. ભાષાને અવગત કરવા માટેની ભાષકની સજ્જતાને સમજાવવા માટે ભાષાના માળખા વિશેની લીચની વિચારણાનો આશ્રય લીધો છે. આ તબક્કે પ્રત્યાયનને શક્ય બનાવતી ઉચ્ચારણ, શ્રવણ, લેખન, વાંચનની પ્રક્રિયાઓની ચર્ચા કરી છે. આનુષંગિક રીતે 'કોષીય અવકાશ'ની વિભાવનાની ચર્ચા પણ આ સમગ્ર વિચારણામાં યથાસ્થાને કરી છે.

સોસૂરની Paradigm (ગણઘટક) અને Syntagm (ક્રમઘટક)ની વિભાવનાઓની પર્યાપ્ત સમજૂતી આપીને એ દ્વારા, ભાષક ભાષાનો હેતુસાધક રીતે ઉપયોગ કરવા માટે શબ્દપસંદગી અને શબ્દગોઠવણીની પ્રક્રિયાઓને કેવી રીતે ખપમાં લે છે તે વીગતે ચર્ચ્યું છે. આ બન્ને પ્રક્રિયાઓના સ્વરૂપની વિશદ છણાવટ કરવા માટે ભાષાના પ્રવર્તનની બે ધરીઓ – ચયનની ધરી અને અન્વયનની ધરી – વિશે વીગતે સ્પષ્ટતા કરી છે, અને એ સ્પષ્ટતાને આધારે શબ્દો વચ્ચેના ગણમૂલક સંબંધ તથા ક્રમમૂલક સંબંધનું સ્પષ્ટીકરણ આપ્યું છે. એ પછી, આ સંબંધો અનુસાર ભાષા પ્રયોજતા ભાષક (વક્તા) અને એને ગ્રહણ કરતા ગ્રાહક (શ્રોતા) વચ્ચે પ્રત્યાયનની પ્રક્રિયાને શક્ય બનાવનારા પ્રત્યાયનતંત્રનાં સર્વ જરૂરી પાસાંઓની યાકોબ્સનની વિચારણાને વિલિયમ પિયરનો આધાર લઇને રજૂ કરવામાં આવી છે. યાકોબ્સને દર્શાવેલ પ્રત્યાયન માટેનાં જરૂરી પાસાંઓ અને એમાંના પ્રત્યેક પાસાને કેન્દ્રમાં રાખીને પ્રયોજાતા ભાષાસ્વરૂપની તથા એ ભાષાસ્વરૂપ

દ્વારા સિદ્ધ થતા કાર્યની ચર્ચા કરીને એ ચર્ચા સાથે હાવ્રાનેકની પ્રત્યાયનલક્ષી ભાષા, વૈજ્ઞાનિક ભાષા અને અભિવ્યક્તિલક્ષી ભાષાની વિચારણા તથા રિચાર્ડ્સની વૈજ્ઞાનિક ભાષા અને ઊર્મિપરક ભાષાની વિચારણાના સામ્ય-વૈષમ્યને તપાસ્યું છે. પ્રત્યાયનપ્રક્રિયા માટે ભાષકના મનમાં અવગત થયેલા ભાષાતંત્રના અને વાણીના પ્રવર્તનનો વિચાર રજૂ કરવા માટે સોસૂરની Langue અને Parole ની વિચારણાનો આશ્રય લીધો છે. સોસૂરની આ વિચારણા સાથેનાં લીચની 'સ્વરૂપ'ની વિચારણાના સામ્યને દર્શાવીને અહીં સોસૂરે દર્શાવેલા ભાષાતંત્રનાં બે સ્તરો – ગૌણિકતાઓ ( Virtualities ) અને ક્ષમતાઓ ( Potentialities)ની સ્પષ્ટતા આપી છે. યાકોબ્સન, રિચાર્ડ્સ અને હાવ્રાનેકની વિચારણાનો આધાર લઇને વાણીના પ્રવર્તનનાં બે ક્ષેત્રો – રોજિંદી વાણી અને સર્જનાત્મક વાણી વિશે પણ અહીં વિવિધ વિચારકોની વિચારણાને ખપમાં લઇને કરેલી ચર્ચામાં બન્ને ક્ષેત્રો સાથે સંકળાયેલા વિવિધ મુદ્દાઓને ચર્ચ્યાં છે.

રોજિંદી વાણીના સ્વરૂપને દર્શાવતી વખતે એનાં બે પ્રમુખ કાર્યો – વસ્તુનિર્દેશનનું કાર્ય અને માહિતીવિનિમયનું કાર્ય – વીગતે સ્પષ્ટ કરીને એમાં જોવા મળતા સ્વયંપ્રવર્તન (Automatization )ને નિયત કરનાર રૂઢિઓનું સ્વરૂપ પણ સ્પષ્ટ કર્યું છે. રૂઢિના મુદ્દાની છણાવટ કરતી વખતે રેનેટ બાર્શની રૂઢિની વિચારણાને આધારે રોજિંદી વાણીમાં રૂઢિ કેવી રીતે ભાષાસ્વરૂપનું નિર્ણાયક પરિબળ બને છે તેની અને ભાષાના અલગ અલગ સ્તરો પર કાર્ય કરતી વિભિન્ન રૂઢિઓની વિગતે ચર્ચા કરી છે. આ ચર્ચા અંતર્ગત યાકોબ્સન, હાવ્રાનેક અને રિચાર્ડ્સની ભાષાના કાર્યની વિચારણાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

રોજિંદીવાણીના સ્વરૂપની ચર્ચા કર્યા બાદ સર્જનાત્મક વાણીના સ્વરૂપને સ્પષ્ટ કરવા માટે કાવ્યભાષામાં જોવા મળતી લાગણીના રૂપાંતરની અને ભાષાને ઇન્દ્રિયબોધાત્મક બનાવવાની પ્રક્રિયાઓની છણાવટ કરી છે. કાવ્યભાષામાં અનુભવાતા નિસ્વયંપ્રવર્તન (De-automatization )ને સ્પષ્ટ કરવા માટે ગુજરાતી કાવ્યપંક્તિના ઉદાહરણ દ્વારા એમાં નજરે પડતી ચમત્કૃતિ એનાં ભાષાલક્ષી કારણો તપાસ્યાં છે. એ પછી Backgrounding અને Foregroundingના વિભાવોનું સ્પષ્ટીકરણ આપ્યું છે. એની સાથે જ કાવ્યભાષા સંદર્ભે રૂઢિગત તત્ત્વો અને નવીકૃત તત્ત્વોની માત્રા તથા એના વિનિયોગની સ્પષ્ટતા કરવામાં આવી છે. શ્લોવ્સ્કી, મુકારોવ્સ્કી, યાકોબ્સન અને ત્રુબેત્સ્કોય જેવા રશિયન સ્વરૂપવાદીઓની વિચારણાને આધારે અહીં કાવ્યભાષામાં યોજાયેલી નિસ્વયંપ્રવર્તનની પ્રયુક્તિની ચર્ચા પણ કરી છે. એ ચર્ચાને આધારે મુકારોવ્સ્કીની નવીકરણની વિચારણા સ્પષ્ટ કરી છે. એની સાથે કાવ્યભાષામાં કવિને મળતી રાબેતા મુજબની છૂટછાટ અને સર્જનાત્મક છૂટછાટના સ્વરૂપને સ્પષ્ટ કરી દીધું છે.

એ પછી કાવ્યભાષા સંદર્ભે આભાસી સર્જનાત્મકતા અને સાચી સર્જનાત્મકતાના ભેદને દર્શાવ્યો છે. સાથોસાથ નવીકરણના સ્વરૂપને પણ કેટી વોલ્સની 'નવીકરણ'ની વ્યાખ્યાને આધારે વિશદ કરવામાં આવ્યું છે. આ ચર્ચામાં ફરી, કાવ્યભાષા સંદર્ભે રૂઢિગત તત્ત્વોની અનિવાર્યતા તરફ અંગુલિનિર્દેશ કર્યો છે. આટલું ચર્ચ્યા બાદ, નવીકરણ (Foregrounding) સિદ્ધ કરવા માટે કવિઓ દ્વારા પ્રયોજાતી 'સમાંતરતા' (Parallelism) અને 'વિચલન' (Deviation) એ બે પ્રમુખ પ્રયુક્તિઓ વિશે સમજ આપીને તેમના પ્રકારોની વીગતે સદૃષ્ટાંત છણાવટ કરવામાં આવી છે.

સમાંતરતા એ પુનરાવર્તનનો જ એક પ્રકાર છે એટલે એનો વિભાવ ચર્ચવાનો આરંભ ગુજરાતીમાં રૂઢ થયેલી વિભિન્ન પ્રકારની પુનરાવર્તનની યોજનાઓની સોદાહરણ ચર્ચાથી કર્યો છે. એ પછી લયસાધક કે લયપૂરક અને અર્થનો ઘનીભાવ સાધનારાં રૂઢિગત પુનરાવર્તનો કરતાં સમાંતરતાની પ્રયુક્તિ કેવી રીતે જુદી પડે છે તેની સ્પષ્ટતા કરવા લેવિનની અચલક (Constant) અને ચલક (Varient) તત્ત્વોની વિચારણાનો આધાર લીધો છે. લેવિન, લીચ, કે.બી.વ્યાસ વગેરેની વિચારણાને લક્ષમાં લઇને 'સમાંતરતા'નો વિભાવ સ્પષ્ટ કર્યો છે. એમાં જરૂર પડયે લીચ અને લેવિને ચર્ચેલ અંગ્રેજી કાવ્યપંક્તિઓનાં ઉદાહરણો અને એ ઉદાહરણો સાથે સામ્ય ધરાવતી ગુજરાતી કાવ્યપંક્તિઓનાં ઉદાહરણો પણ ચર્ચવામાં આવ્યાં છે. આ ઉદાહરણો દ્વારા ભાષાના વિભિન્ન સ્તરોએ યોજાતી સમાંતરતાની પ્રયુક્તિ વિશેની સ્પષ્ટતા કરી છે. આ ચર્ચાને અંતે લેવિને આપેલ તુલનાક્ષમ સંતુલ્યતા (Comparable Equivalance અને સ્થાનગત સંતુલ્યતા (Positional Equivalance)ના પ્રકારો પણ પૂર્વે ચર્ચેલ ઉદાહરણોના ઉપયોગ દ્વારા જ સ્પષ્ટ કર્યા છે. સમાંતરતાની ચર્ચાના એ પછીના વિભાગમાં સમાંતરતાની કાવ્યોપકારકતા દર્શાવતી વખતે એના દ્વારા યોજાતી ધ્વનિગત અને અર્થગત ચમત્કૃતિને સોદાહરણ ચર્ચી છે.

સમાંતરતાના વિભાવનું સ્પષ્ટીકરણ આપ્યા બાદ વિચલનના વિભાવને લીચની વિચારણાને કેન્દ્રમાં રાખીને પ્રકારો સહિત ચર્ચવામાં આવ્યો છે. આ ચર્ચાને આરંભે 'વિચલન'ની વિભાવના સ્પષ્ટ કરવા કેટી વોલ્સની અને લીચની વિચલનની વિભાવનાનો આધાર લીધો છે. એ પછી રેનેટ બાર્થની વિચારણાને આધારે વિચલિત પ્રયોગની સ્વીકૃતિ માટેની શરતો ચર્ચી છે. તો, વિલિ વાન પિયરની વિચારણાને લક્ષમાં લઇને કવિ દ્વારા પ્રયોજાતી વિચલનની પ્રયુક્તિ અંગેની અને કવિના ભાષાકર્મને અંગેની સ્પષ્ટતા રજૂ કરી છે. ત્યાર બાદ લેવિને દર્શાવેલ આંતરિક વિચલન અને બાહ્ય વિચલનના પ્રકારો ચર્ચીને બાહ્ય વિચલન અંતર્ગત તેણે સમાવિષ્ટ કરેલ સંખ્યાકીય વિચલન અને નૈશ્ચયિક વિચલનના પ્રકારોની પણ વીગતે છણાવટ કરી છે. આટલી ચર્ચા કર્યા પછી લીચના વિચલનના

પ્રતિમાન (મોડેલ)ને ધ્યાનમાં લઇને એણે દર્શાવેલ વિચલનના પ્રકારો નોંધીને, એ પ્રકારોને ધ્યાનમાં રાખીને ગુજરાતી કવિતાને તપાસવામાં પડતી મુશ્કેલીઓ તરફ અંગુલિનિર્દેશ કરીને ગુજરાતી ભાષાના અભ્યાસમાં ઉપકારક થાય તેવા અન્ય પ્રકારો એમાં ઉમેર્યા છે. ત્યારબાદ વિચલનના દરેક પ્રકારની છણાવટ ગુજરાતી કાવ્યપંક્તિઓના ઉદાહરણ સહિત કરી છે, વિચલનની ચર્ચાને અંતે વિચલિત પ્રયોગો ક્યારે રૂઢિગત પ્રયોગોનો દરજ્જો પ્રાપ્ત કરે તેની ચર્ચા કરીને કોઇપણ ચમત્કૃતિવિહીન બની ગયેલા, મૃત વિચલનો વિશે સ્પષ્ટતા કરી છે.

આ પ્રકરણને અંતે, કાવ્યમાં પ્રયુક્ત નવીકૃત પ્રયોગોની કાવ્યોપકારતાના સંદર્ભે અભીષ્ટ એવા સંવાદિતાના ( Coherenceના) મહત્ત્વને વિલિયમ પિયરના તદ્વિષયક વિચારને અનુલક્ષીને ચર્ચ્યું છે. તો, સહોપયુક્ત એકાધિક વિચલનોવાળા ગ્રંથિસ્થાનને ( Nodel Point ને) લગતી તેમની વિચારણાની સ્પષ્ટતા પણ પ્રકરણાન્તે કરવામાં આવી છે.

દ્વિતીય, 'સુન્દરમ્‌ની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' પ્રકરણમાં સુન્દરમ્‌ની કવિતાની તપાસ તેમાં પ્રયુક્ત સમાંતરતા અને વિચલનની નવીકરણસાધક પ્રયુક્તિઓને લક્ષમાં લઇને કરવામાં આવી છે.

સુન્દરમ્‌નાં કાવ્યોમાં દૃષ્ટિગોચર થતી સમાંતરતાની પ્રયુક્તિ વિશે પ્રકરણના આરંભે ચર્ચા કરી છે. સુન્દરમ્ કેટલીક કાવ્યપંક્તિઓમાં માત્ર એક જ પદના ફેરફાર દ્વારા સમાંતરતા યોજે છે, તો એમની કેટલીક કાવ્યપંક્તિઓમાં ધ્વનિગત સંતુલ્યતા ન યોજાતી હોવા છતાં એ પંક્તિઓમાંની પદસંખ્યાગત, સંરચનાગત, સ્થાનગત અને વ્યાકરણકોટિગત સંતુલ્યતા એ પંક્તિઓને સમાંતર પંક્તિઓ બનાવે છે. તો કેટલીક પંક્તિઓમાં અંશતઃ ધ્વનિગત સંતુલ્યતા પણ પ્રવર્તતી જોવા મળે છે. ચુસ્ત સમાંતરતા સ્થપાયેલી હોય એવી કાવ્યપંક્તિઓ પણ આ કવિના સર્જનમાંથી પ્રાપ્ત થાય છે. આવી તમામ પ્રકારની સંતુલ્યતા ધરાવતી પંક્તિઓની રચનાપ્રક્રિયા વિશે અહીં સોદાહરણ ચર્ચવામાં આવ્યું છે. આ કવિની કેટલીક પંક્તિઓ સાવ નાના અમથા ફેરફાર સહિત પુનરાવૃત્ત થતી હોવા છતાં એમાં વ્યંજિત થતી અર્થચમત્કૃતિ વિશે પણ અહીં વીગતે ચર્ચા કરી છે.

સમાંતરતાની પ્રયુક્તિના વિનિયોગની ચર્ચા કર્યા બાદ સુન્દરમ્‌નાં કાવ્યોમાં પ્રયુક્ત ભાષાતત્ત્વોની - ખાસ કરીને કવિના કાવ્યવિશિષ્ટ શબ્દભંડોળના સ્વરૂપની તપાસ અહીં ચુનંદી કાવ્યપંક્તિઓનાં ઉદાહરણો દ્વારા કરી છે. એમની કવિતામાં પ્રયોજાયેલી ભાષાને કાવ્યબાનીનો મોભો અપાવનાર ભાષાતત્ત્વોમાં તેમના

કાવ્યવિશિષ્ટ શબ્દભંડોળનું આગવું સ્થાન છે. કવિની કાવ્યબાનીને નવીકૃત બનાવવામાં પણ એમના આ શબ્દભંડોળનો સિંહફાળો છે. આ કારણસર વિચલનની પ્રયુક્તિના અનુલક્ષમાં એમની કવિતાને તપાસતાં પહેલાં કાવ્યબાનીની અને ખાસ કરીને તદ્વિષયક શબ્દભંડોળની તપાસ વીગતે કરી છે. આ તપાસ અન્વયે શબ્દોને ઉચ્ચારાનુસારી સ્વરૂપે પ્રયોજવાના, વ્યવહારમાં થતી સ્વરના સરલીકરણની પ્રક્રિયાનો લાભ લઇને શબ્દો બનાવવાના, સ્વરયુગ્મને બદલે સંયુકતસ્વરવાળા શબ્દો પ્રયોજવાના, તળપદા ભાષાપરિવેશને મૂર્તિમંત કરે તે પ્રકારના રૂઢિપ્રયોગો યોજવાના અને એકદમ તળપદા – લોકભાષાની લોકભાષા તરીકેની વિશિષ્ટતા દર્શાવતા શબ્દો તથા પૃથગ્જનના શબ્દભંડોળના ભાગરૂપ બનેલા શબ્દો પ્રયોજવાના કવિનાં વલણોને સદૃષ્ટાંત ઉપસાવી આપ્યાં છે. પ્રચલિત અન્વયને કવિતામાં ફેરવીને રજૂ કરવાના કવિના વલણ વિશે પણ સોદાહરણ ચર્ચા કરી છે.

વૃત્તબંધ જાળવવા માટે કવિ સંસ્કૃત તત્સમ અને અતિસંસ્કૃત શબ્દો પ્રયોજે છે, માનભાષામાં ઉપસર્ગ વગર પ્રચલિત શબ્દને કવિતામાં ઉપસર્ગ સાથે પ્રયોજે છે અને માનભાષામાં ઉપસર્ગ સાથે પ્રચલિત શબ્દને કવિતામાં ઉપસર્ગ વગર પ્રયોજે છે, જાતિ–વચનવાચક પ્રત્યયો સહિત રૂઢ થયેલા શબ્દોમાંથી એવા પ્રત્યયોને લુપ્ત કરીને એ શબ્દોને પ્રયોજે છે અને પ્રચલિત શબ્દમાં ધ્વનિગત ફેરફાર કરીને, ક્યારેક તેમાં વર્ણનો દ્વિર્ભાવ કરીને પણ કવિ તેને પ્રયોજે છે. પંક્તિનો છંદોબંધ જાળવવાની કવિની આ મથામણો અને એના કારણે સધાતાં શબ્દપરક નવીકરણો વિશે પણ અહીં સદૃષ્ટાંત, જરૂર પડયે કાવ્યપંક્તિઓનાં ઉપયોગ દ્વારા, છણાવટ કરવામાં આવી છે. કવિએ તેમના આ જ વલણના ભાગરૂપે ગુજરાતીમાં સ્વરાન્ત રૂપે પ્રચલિત થયેલા સંસ્કૃતના મૂળ વ્યંજનાન્ત શબ્દોને એવા મૂળ વ્યંજનાન્ત રૂપે જ કાવ્યમાં વિનિયોજવાની ને ગુજરાતીમાં અન્ત્ય 'સ' વ્યંજનના લોપ સાથે પ્રચલિત બનેલા મૂળ સંસ્કૃત શબ્દોને તેમના એવા મૂળ સકારાન્ત રૂપે જ પ્રયોજવાની અખત્યાર કરેલી રીતની પણ અનેક ઉદાહરણો સહિત ચર્ચા કરી છે. આવા પ્રયોગોની ચર્ચા અંતર્ગત કવિપ્રયુક્ત શબ્દોની રચનાપ્રક્રિયા તથા એ શબ્દોની કાવ્યોપકારકતા વિશે પણ તપાસ કરવામાં આવી છે. એ ઉપરાંત, કવિએ યોજેલ પદસંયોજનાઓ અને પદાન્વયોની ચર્ચા પણ ચુનંદી કાવ્યપંક્તિઓને આધારે વીગતે કરી છે. વિશેષણની કોટિના શબ્દોને સંસ્કૃતની જેમ નારીવાચક પ્રત્યયો લગાડીને પ્રયોજવાના, એક કોટિના પ્રચલિત શબ્દમાં જરૂરી સંસ્કૃત કે ગુજરાતી પ્રત્યય ઉમેરીને એને અન્ય કોટિના શબ્દ તરીકે પ્રયોજવાના, વિશેષણોને અરૂઢ પ્રકારે પ્રત્યયો લગાડીને તેમને ભાવવાચક નામોમાં ફેરવીને પ્રયોજવાના, શબ્દને સ્ત્રીલિંગી લઘુતાવાચક પ્રત્યય લગાડીને પ્રયોજવાના અને ગુજરાતીમાં ક્રિયાપદ તરીકે ન પ્રયોજાતા મૂળ સંસ્કૃતનાં ક્રિયાપદોને મૂળવત ક્રિયાપદ તરીકે ગુજરાતીમાં પ્રયોજવાના તથા સંસ્કૃત નામો પરથી ગુજરાતીમાં ક્રિયારૂપો બનાવવાના કવિના વલણને પણ અહીં વિશદતાથી ચર્ચ્યું છે. ક્રિયાપદની જેમ જ કવિ ગુજરાતીમાં

અતિપ્રચલિત અને અપ્રચલિત – બન્ને પ્રકારના સંસ્કૃત અવ્યયો પ્રયોજે છે, તો સંસ્કૃતની રીતિ પ્રમાણે વિશેષણોને પ્રત્યયો લગાડીને અવ્યયો બનાવીને પણ પ્રયોજે છે. શાબ્દિક નવરચનાની, શબ્દકોટિગત વિચલનની અને બીજી પ્રયુક્તિઓ દ્વારા બનેલા અને પ્રયોજાયેલા શબ્દો સુન્દરમ્‌ની કાવ્યબાનીને ઘડવામાં કેટલો અને કેવો ભાગ ભજવે છે તેનું નિરીક્ષણ પણ અહીં વીગતે કર્યું છે.

આ ઉપરાંત, આ કવિ કેટલાંક કાવ્યોમાં વ્યાકરણસંમત પદક્રમ કરતાં વ્યસ્ત પદક્રમ ધરાવતી પંક્તિઓ પણ યોજે છે. આવી પંક્તિઓમાંથી ઉદાહરણરૂપ પંક્તિઓ લઇને આવો વ્યસ્ત પદક્રમ કાવ્યાત્મકતા નિપજાવવામાં હાનિકારક બને છે કે ઉપકારક તેની તપાસ પણ અહીં કરી છે. કવિએ યોજેલા પદવ્યુત્ક્રમ માટે જવાબદાર જણાતા કારણોને પણ અહીં આ તપાસના ભાગરૂપે તપાસ્યાં છે. એમણે યોજેલાં ધ્વનિગત વિચલનો અને શાબ્દિક નવરચનાગત વિચલનો વિશે પણ અહીં સંખ્યાબંધ ઉદાહરણો દ્વારા ચર્ચા કરી છે.

સંસ્કૃત ભાષાથી પ્રભાવિત થયેલી કવિની બાનીમાં નજરે પડતાં સંસ્કૃતની પરિપાટી મુજબનાં દીર્ઘસમાસો વિશે અહીં વીગતે ચર્ચા કરી છે. કવિની સમાસયોજનાની ચર્ચા દરમ્યાન સમાસો ની અર્થાભિવ્યક્તિવિષયક તપાસ પણ અહીં રજૂ કરી છે. ક્યારેક કવિ અલંકારસાધક અન્વયયોજના કરીને શબ્દને નવીકૃત અર્થમાં પણ પ્રયોજતા જોવા મળે છે. કવિનાં આવાં વલણોને પણ અહીં સોદાહરણ ચર્ચવામાં આવ્યાં છે. માનભાષામાં સામાસિક શબ્દરૂપે અન્વિત થયેલાં પદોને છૂટાં પાડીને તેમને મૂળ અર્થમાં જ, પણ પૃથક્ પૃથક્ રીતે પ્રયોજવાના કવિના વલણને પણ અહીં સોદાહરણ ચર્ચ્યું છે. એમણે પ્રયોજેલા શબ્દોમાં જોવા મળતા ધ્વનિગત ફેરફારો વિશે તથા તેમણે પ્રયોજેલા અલ્પપરિચિત–અપરિચિત તત્સમ શબ્દો વિશે પણ વીગતે છણાવટ કરીને એ પાછળનાં તેમના વલણને સમજવાનો પ્રયત્ન કર્યો છે. એમણે યોજેલાં બોલીગત વિચલનો, રજીસ્ટરગત વિચલનો અને ઐતિહાસિક વિચલનો વિશે પણ અહીં સદૃષ્ટાંત ચર્ચા કરવામાં આવી છે. એમનાં મોટા ભાગનાં કાવ્યો છંદોબદ્ધ કાવ્યો છે એટલે એ કાવ્યોમાં નજરે ચડતા છંદોગત વિચલનના પ્રયોગોની પણ સોદાહરણ ચર્ચા કરી છે. આ ચર્ચા અંતર્ગત, છંદમાં પંક્તિને બંધબેસતી કરવા માટે તેમણે કરેલા લોપચિહ્નના પ્રયોગને અને શબ્દનાં પ્રચલિત રૂપમાં તેમણે કરેલા ફેરફારોને પણ અહીં સદૃષ્ટાંત ચર્ચ્યાં છે. પ્રકરણને અંતે, કવિએ છંદ જાળવવા માટે જોડણીના નિયમોમાં લીધેલી છૂટછાટો વિશે અને ક્યાંક ક્યાંક વરતેલી ચુસ્તી વિશે, તેમણે નિર્મેલી પ્રાસયોજના વિશે અને તેમની કાવ્યપંક્તિઓમાં ધ્વનિઓના પુનરાવર્તન દ્વારા સધાતા ધ્વનિસૌન્દર્ય વિશે પણ વીગતે, ઉદાહરણસહિત ચર્ચા કરી છે.

તૃતીય, 'નિરંજનની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' પ્રકરણમાં નિરંજન ભગતનાં કાવ્યસર્જનને નવીકરણ, સમાંતરતા અને વિચલનની પ્રયુક્તિના સંદર્ભે અવલોક્યું છે.

પ્રકરણની શરૂઆતમાં નિરંજનની કવિતામાં થયેલા સમાંતરતાની પ્રયુક્તિના વિનિયોગ વિશેનો અભ્યાસ રજુ કર્યો છે. આ કવિએ રચેલી એક જ વર્ણના ફેરફાર-વાળી, સ્થાનગત સંતુલ્યતાવાળી અને સંરચનાગત સંતુલ્યતાવાળી સમાંતર પંક્તિઓની અને કેટલાંક પંક્તિયુગ્મોની સમાંતરતાની તપાસ એની કાવ્યોપકારકતાની ચકાસણી સહિત અહીં રજૂ કરી છે. અર્થગત સંતુલ્યતા યોજાયેલી હોય એવી કેટલીક કાવ્યપંક્તિઓ પણ અહીં ચર્ચી છે.

એ પછી, નિરંજનના કાવ્યસર્જનમાં થયેલા વિચલનના વિનિયોગની તપાસને આરંભે ધ્વનિગત વિચલનોની તપાસના નિમિત્તે, કવિરચિત ગીતકાવ્યોમાંની અરૂઢ પંક્તિયોજના, કડીયોજના અને પ્રાસયોજના વિશે વિગતે ચર્ચ્યું છે. આ ચર્ચા અંતર્ગત પાંચ પંક્તિઓનો કે ત્રણ પ્રક્તિઓનો એક અંતરો યોજવાની, એક અંતરામાં બે, ત્રણ કે ચાર પંક્તિઓ ટૂંકી બહેરની મૂકીને એક પંક્તિ દીર્ઘ બહેરની રચવાની, પહેલી-ત્રીજી અને બીજી-ચોથી કડીઓની વચ્ચે પ્રાસ યોજવાની, બિનસોનેટકાવ્યોમાં વિવિધ વૃત્તોનાં મિશ્રણો યોજવાની તથા સોનેટના પ્રકારની પ્રાસયોજના કરવાની કવિની લાક્ષણિકતાને કાવ્યોના ઉદાહરણસહિત ચર્ચવામાં આવી છે. એ પછી ભિન્નકોટિક પદો વચ્ચે પ્રાસ રચવાના તથા સમાનાદ્યવર્ણવાળાં પદગુચ્છો કે સમાનાન્ત્યવર્ણવાળાં પદગુચ્છો રચવાના કવિના વલણને પણ વિવિધ ઉદાહરણો દ્વારા તપાસ્યું છે. કવિના સમગ્ર સર્જનની આ બધી ખૂબીઓને વિગતે ચર્ચ્યા બાદ એમણે કરેલ ધ્વનિગત વિચલનો વિશે અને એના દ્વારા નીપજતા ધ્વનિસૌંદર્ય વિશે પણ અહીં ચર્ચવામાં આવ્યું છે. આ મુદ્દાને ચર્ચ્યા પછી અભિવ્યક્તિ, ભાષાપ્રયોગ અને ક્યારેક ભાવસંવેદન પરત્વે કાન્ત અને સુન્દરમ્‌ની કાવ્યબાનીનું અનુસંધાન જાળવતી કવિની પદાવલિમાં પ્રયોજેલા કવિના કાવ્યગત શબ્દભંડોળ વિશે કાવ્યપંક્તિઓનાં ઉદાહરણો સહિત ચર્ચવામાં આવ્યું છે. આ મુદ્દા અન્વયે કવિપ્રયુક્ત શબ્દભંડોળ દ્વારા સિદ્ધ થતી કાવ્યાત્મકતા વિશે પણ પ્રસંગતઃ ચર્ચ્યું છે. કવિના તત્સમ-તત્સમ, તત્સમ-તદ્‌ભવ-દેશ્ય, તદ્‌ભવ-તદ્‌ભવ સમાસો રચીને શાબ્દિક નવરચના કરવાના, શબ્દાંગીય વિચલન યોજવાના, અતિપ્રચલિત, અપ્રચલિત અને માત્ર કાવ્યબાની માટે જ રૂઢ થયેલા સંસ્કૃત તત્સમ અવ્યયો યોજવાના કવિના વલણને પણ અહીં વીગતે, સદૃષ્ટાંત ચર્ચ્યું છે.

આ સર્વ ચર્ચા ઉપરાંત કવિએ સ્વરયુગ્મને સ્થાને યોજેલ સંયુક્તસ્વરોની અને એમણે પ્રયોજેલાં શબ્દકોટિગત વિચલનોની પણ ચર્ચા અહીં કેટલાંક ઉદાહરણો સહિત કરી છે.

કવિએ વિનિયોજેલા વિશેષ્ય-વિશેષણના, કર્તા-ક્રિયાપદના, ક્રિયાવિશેષણ-ક્રિયાપદના અને કર્તા-ક્રિયાવિશેષણ-ક્રિયાપદના અરૂઢ અન્વયોની રચનાપ્રક્રિયા સ્પષ્ટ કરી એમના પરસ્પરના અર્થસંબંધો વિશે પણ અહીં સંખ્યાબંધ દૃષ્ટાંતો સહિત છણાવટ કરી છે. આ કવિએ યોજેલાં અર્થગત વિચલનોની ચર્ચા અંતર્ગત પદોને સંદર્ભનિયત અને પદરચનાનિયત – એમ બે અર્થમાં પ્રયોજવાના કવિના વલણને તપાસ્યું છે. એ પછી કવિરચિત પંક્તિઓના પદક્રમની છણાવટ અનેક પંક્તિઓનાં ઉદાહરણ સહિત કરી છે. એમાં માનભાષાની જ લાગે તેવી, વ્યાકરણસંમત પદક્રમ ધરાવતી અક્ષરમેળ છંદની પંક્તિઓથી આરંભીને દૂરાન્વયને કારણે અર્થપ્રક્રિયા અવરોધાતી હોય તેવી પંક્તિઓ સુધીનાં ઉદાહરણો વીગતે ચર્ચવામાં આવ્યાં છે. ત્યારબાદ એમણે યોજેલાં છંદોમિશ્રણોની અને ક્યારેક છંદના માળખામાં કરેલા ફેરફારોની ચર્ચા કરી છે. આ ચર્ચા અન્વયે, અક્ષરમેળ છંદના બંધારણને જાળવવા માટે એક પંક્તિમાંથી બીજી પંક્તિમાં ચાલુ રહેતું સળંગ વાક્ય પ્રયોજવાના અને શબ્દના આદિસ્થાનમાં રહેલ 'અ'નો લોપ કરવાના કવિનાં વલણોને પણ સોદાહરણ ચર્ચવામાં આવ્યાં છે.

ત્યારબાદ, એમની કાવ્યરચનામાં નજરે પડતા પરસ્પરવિરોધી ભાવો વ્યક્ત કરતાં પદોને પરસ્પર અન્વિત કરવાના તેમના વલણને પદો, પદગુચ્છો અને પંક્તિઓનાં ઉદાહરણો સહિત દર્શાવવામાં આવ્યું છે. અભિવ્યક્તિની આવી વિરોધાત્મક ભાતવાળી રચનાતરેહનો વારંવાર ઉપયોગ કરવા પાછળ રહેલાં જવાબદાર પરિબળો વિશેનો તર્ક પણ અહીં કવિના જ ઉદ્‌ગારોને આધારે રજૂ કરવામાં આવ્યો છે. આ કવિનાં કાવ્યોમાં નજરે ચડતાં વિચલનોની આ ચર્ચામાં એમણે વિનિયોજેલાં લેખનગત વિચલનો–ખાસ કરીને કૌંસના પ્રયોગ દ્વારા યોજાયેલાં વિચલનો – અને ઐતિહાસિક વિચલનો વિશે પણ વીગતે ચર્ચવામાં આવ્યું છે.

'જયંત પાઠકની કવિતામા નવીકરણ, સમાંતરતા અને વિચલન' શીર્ષકવાળા ચતુર્થ પ્રકરણમાં જયંત પાઠકના કાવ્યોમાં સધાયેલા નવીકરણની તપાસ સમાંતરતા અને વિચલન જેવી ભાષાકીય પ્રયુક્તિઓના અનુલક્ષમાં કરવામાં આવી છે.

પ્રકરણને આરંભે, જયંત પાઠકની કવિતામાં પ્રયુક્ત થયેલી સમાંતરતાને અવલોકી છે. એમના કાવ્યોમાં નજરે પડતી પદસંખ્યાગત સંતુલ્યતા, સંરચનાગત સંતુલ્યતા, પદક્રમગત સંતુલ્યતા અને ધ્વનિગત સંતુલ્યતાની ચર્ચા કેટલીક નોંધપાત્ર પંકિતઓના ઉદાહરણ સહીત કરીને એમાં યોજાયેલી સમાંતરતા કેવી રીતે ચમત્કૃતિસાધક બને છે તેની પણ વિગતે તપાસ કરી છે. કેટલીક કાવ્યપંકિતઓમાં જોવા મળતી ધ્વનિના સામ્ય-વૈષમ્યની વિવિધ ભાતોને પણ સદૃષ્ટાંત અવલોકવામાં આવી છે.

એ પછી વિચલનની પ્રયુક્તિના વિનિયોગ વિશેના અભ્યાસમાં કવિની કાવ્યબાનીની ભાષાકીય લાક્ષણિકતાઓની તપાસ સદૃષ્ટાંત કરી છે. એમની કવિતામાં સરળ પ્રકારના નવીકરણથી માંડીને એકદમ સંકુલ પ્રકારના નવીકરણવાળી પંક્તિઓ રચાયેલી જોવા મળે છે. મહદંશે બોલચાલની ભાષાના પ્રયોગવાળી કવિની અછાંદસ પંક્તિઓ એમાં નિરૂપાયેલા કાવ્યોચિત સંવેદનને કારણે કાવ્યાત્મક બને છે. આવી કેટલીક ઉદાહરણરૂપ પંક્તિઓ અહીં ચર્ચી છે. અછાંદસ ઉપરાંત છંદોબદ્ધ કાવ્યો અને ગીતો પણ આ કવિએ મોટી સંખ્યામાં રચ્યાં છે. એમનાં છાંદસ કાવ્યોમાં વૃત્તોચિત સંસ્કૃત શબ્દો – ગુજરાતીમાં પ્રચલિત બનેલા અને પ્રયોગરૂઢ ન બનેલા, બન્ને પ્રકારના શબ્દો – વિનિયોજાયા છે. એની સાથે એમણે તદ્ભવ, દેશ્ય અને અન્ય મૂળના શબ્દો પણ આ કાવ્યોમાં પ્રયોજ્યા છે. એમનું આવું જ શબ્દભંડોળ ગીતકાવ્યોમાં પણ દૃષ્ટિગોચર થાય છે. છંદોબદ્ધ કાવ્યોની અને ગીતકાવ્યોની ચુનંદી પંક્તિઓ લઇને કવિના શબ્દભંડોળની તપાસ અહીં કરી છે. આ પંક્તિઓમાં પ્રયુક્ત સમાસરચના તરફ અંગુલિનિર્દેશ કરીને કવિના બહોળા કાવ્યરાશિમાં નજરે પડતા તત્સમ–તત્સમ, તત્સમ–તદ્ભવ કે તત્સમ–દેશ્ય અને વિભાષીય શબ્દોના નવીકૃત સમાસોની અર્થવિલક્ષણતા ચર્ચી છે. આ ચર્ચા અંતર્ગત અર્થની દૃષ્ટિએ રૂપક અલંકાર યોજાયો હોય તેવા, પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે કારણકાર્યનો સંબંધ રચાયો હોય તેવા અને પરસ્પર વિરોધી અર્થવાળાં બે પદો સામાસિક પદો રૂપે સંયોજાયા હોય તેવા સમાસોની વીગતે સદૃષ્ટાંત છણાવટ કરીને તેમની રચનાપ્રક્રિયા પણ સમજાવી છે. આ ઉપરાંત કવિએ ઉપસર્ગનો અરૂઢ રીતે ત્યાગ કરીને રચેલા નવા શબ્દોની અને પ્રત્યયના વિનિયોગ દ્વારા એક કોટિના શબ્દ તરીકે પ્રચલિત શબ્દને અન્ય કોટિના શબ્દ તરીકે પ્રયોજવાના કવિના વલણને પણ સદૃષ્ટાંત દર્શાવ્યું છે. એમના આવા પ્રયોગો ઉપરાંત કેટલાક ક્રિયાપદોના રચનાદૃષ્ટિએ ધ્યાનાર્હ બને તેવા વિચલિત પ્રયોગોની રચનાપ્રક્રિયા પણ અહીં વીગતે ચર્ચી છે. આ ચર્ચાને અંતે આવા પ્રયોગો માટે કારણરૂપ બનેલ છંદોનુસારી ભાષા પ્રયોજવાના કવિના વલણ તરફ પણ અંગુલિનિર્દેશ કર્યો છે. છંદના ચુસ્ત માપને જાળવવા માટે શાબ્દિક નવરચના કરવા ઉપરાંત શબ્દાંગીય ફેરફારોવાળા શબ્દો પ્રયોજવાના કવિના વલણને પણ અહીં સોદાહરણ દર્શાવ્યું છે. આવા પ્રયોગો ચર્ચ્યા પછી કવિએ યોજેલા વિભાષીય શાબ્દિક વિચલનો અને શબ્દકોટિગત વિચલનોની પણ અહીં સોદાહરણ ચર્ચા કરી છે. એમણે પ્રયોજેલાં અન્વયગત વિચલનો અને અરૂઢ પદક્રમોમાં નવીકરણની પ્રયુક્તિના વિનિયોગને કારણે નીપજતા અર્થ સૌંદર્યની અને અર્થસૌંદર્યસાધક અર્થગત વિચલનોની ચર્ચા આ અભ્યાસનું એક અગત્યનું પાસું બની રહ્યું છે. એમણે રચેલા અરૂઢ અન્વયોની ચર્ચા દરમ્યાનમાં યથોચિત સ્થાનોએ વિચલિત રીતે પ્રયોજાયેલા સાદા વાક્યના પ્રકારના પ્રયોગમાં કવિ એક કરતાં વધારે વીક્ષણોને – સંવેદનોને એકાકાર રૂપે વ્યક્ત કરતા હોય તેવાં આ કાવ્યકૃતિઓમાં નજરે પડતાં વિશિષ્ટ દૃષ્ટાંતો પણ અહીં ચર્ચવામાં આવ્યાં છે, તો પંક્તિમાં વિનિયુક્ત પદો પરસ્પર અર્થબદલો કરતાં અનુભવાય તેવી રીતે પ્રયોજાયેલા નવીકૃત અન્વયોની પણ અહીં સદૃષ્ટાંત

ચર્ચા કરી છે. આવાં, તમામ પ્રકારનાં પ્રચુર ઉદાહરણો ચર્ચીને નવીકૃત અન્વયયોજના દ્વારા અર્થસૌંદર્ય સાધવાના કવિના વલણને અહીં વીગતે તપાસ્યું છે. કવિનાં આ બધાં વિચલનો કેવી રીતે કાવ્યત્વસાધક નીવડે છે તેની ચર્ચા પણ આ સમગ્ર ચર્ચા દરમ્યાનમાં યથોચિત સ્થાનોએ કરી છે. કવિનાં છંદોગત વિચલનોના વૈવિધ્યને અને ઐતિહાસિક વિચલનોને પણ અહીં વીગતે ચર્ચ્યાં છે. આ સર્વ ચર્ચા સાથે કવિનું ભાષાકર્મ કઇ રીતે સર્જકતાની કક્ષાએ પહોંચે છે તેની પણ છણાવટ અહીં કરવામાં આવી છે.

'રાવજીની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' શીર્ષકવાળા પાંચમાં પ્રકરણમાં કવિ રાવજી પટેલની કવિતાના સંદર્ભે નવીકરણ, સમાંતરતા અને વિચલનની પ્રયુક્તિઓના વિનિયોગનો અભ્યાસ રજૂ કર્યો છે. આ પ્રકરણના આરંભે રાવજીનાં સર્જનસંપૃક્ત મનોવલણોનો પરિચય તેમની કાવ્યપંક્તિઓના આધારે કરાવીને 'અંગત'નાં કાવ્યોમાં નજરે પડતી વિભિન્ન પ્રકારની સમાંતરતાની પ્રયુક્તિને સોદાહરણ ચર્ચી છે.

રાવજીની સમાંતર પંક્તિઓમાં પદસંખ્યાગત, પદક્રમગત અને સંરચનાગત સંતુલ્યતા ધરાવતી પંક્તિઓ વધારે જોવા મળે છે. કેટલાંક સમાંતર પંક્તિયુગ્મો-માંની એક પંક્તિમાં કવિ એકાદ શબ્દનું ઉમેરણ કરીને અન્ય પંક્તિમાં સમાંતરતા યોજે છે, તો કેટલીક પંક્તિઓમાં પદસંખ્યાગત, પદક્રમગત અને સંરચનાગત સંતુલ્યતા ન સધાતી હોવા છતાં તેમની અર્થગત સમરૂપતા એ પંક્તિઓને સમાંતર પંક્તિઓ બનાવે છે. આવી, ચલક-ચ્યલકની વૈવિધ્યસભર ભાત ધરાવતી ચુનંદી પંક્તિઓનો અભ્યાસ અહીં વીગતે રજૂ કર્યો છે.

પ્રકરણના એ પછીના ભાગમાં 'અંગત'નાં કાવ્યોનો વિચલનની પ્રયુક્તિના વિનિયોગની દૃષ્ટિએ વીગતે અભ્યાસ રજૂ કર્યો છે. આ કાવ્યોમાં કવિ તત્સમ-તત્સમ, તત્સમ-તદ્ભવ-દેશ્ય અને તદ્ભવ-તદ્ભવ-દેશ્ય એમ તમામ પ્રકારના શબ્દોના સંયોજનવાળા સમાસો રચે છે. આ સમાસોની રચનાપ્રક્રિયા અને એના દ્વારા વ્યક્ત થતી અર્થાભિવ્યક્તિની નવી શક્યતાઓ વિશે પણ અહીં વીગતે ચર્ચા કરી છે. કલ્પનને તેની તમામ બારીકાઇ સમેત મૂર્ત કરવાની કવિની રીતિને દર્શાવતા સમાસો, ઇન્દ્રિયવ્યત્યય વ્યકત કરતા સમાસો અને નવી કલ્પનયોજના રજૂ કરતા સમાસો પણ અહીં ચર્ચ્યા છે. આ રીતે સમાસ દ્વારા શાબ્દિક નવરચના કરવા ઉપરાંત કવિ કેટલાંક શબ્દોમાં પ્રચલિત શબ્દોને અરૂઢ રીતે પ્રત્યયો લગાડીને પણ શાબ્દિક નવરચના કરે છે. કેટલાક શબ્દોમાં કવિ પ્રત્યયના અરૂઢ વિનિયોગ દ્વારા નવરચનાગત વિચલન યોજીને શબ્દને અન્ય કોટિના શબ્દમાં પણ ફેરવે છે. આવા શબ્દો પ્રયોજવા ઉપરાંત રાવજી તત્સમમાંથી સ્વર-ભક્તિની પ્રક્રિયા દ્વારા ઉદ્ભવેલા શબ્દો, વર્ણલોપની પ્રક્રિયા દ્વારા નીપજેલા

શબ્દો અને સ્વરવિકાર-વ્યંજનવિકાર દ્વારા નીપજેલા શબ્દો પણ પ્રયોજે છે. આવા શબ્દોમાંના રચનાપ્રક્રિયાસંદર્ભે ધ્યાનાર્હ બનતા કેટલાક શબ્દોની રચનાપ્રક્રિયા વિશે પણ અહીં વિગતે વાત કરવામાં આવી છે. કવિએ યોજેલ વિભાષીય શાબ્દિક વિચલનોની અને શબ્દકોટિલક્ષી વ્યાકરણગત વિચલનોની ચર્ચા પણ અહીં સંખ્યાબંધ ઉદાહરણો લઇને કરવામાં આવી છે.

સંવેદનની કાવ્યાત્મક અભિવ્યક્તિ કરવા માટે કવિ શબ્દોમાં વિલક્ષણ રીતે અર્થોપચય તો કરે જ છે, પરંતુ પંક્તિને કાવ્યોચિત પંક્તિ બનાવવા માટે તે એનો પદક્રમ પણ ઉલટસૂલટ કરે છે. તેમની કેટલીક પંક્તિઓમાં વ્યાકરણમાન્ય પદક્રમ કરતાં વ્યસ્ત પદક્રમ દ્વારા યોજાયેલ જિજ્ઞાસાવિલંબન ઇન્દ્રિયવ્યત્યયને અનેકગણો વધુ કાવ્યાત્મક બનાવવામાં ઉપકારક બને છે; તો ક્યારેક પરંપરિત લયને જાળવવા માટે તેમની પંક્તિઓમાં પદવ્યુત્ક્રમ યોજાયો હોવાનું પણ જણાય છે. કવિનાં આ વલણોને સ્ફુટ કરવા માટે ઘણાં બધાં ઉદાહરણોનો આશ્રય લીધો છે. કવિએ યોજેલો પદક્રમ અર્થાભિવ્યક્તિની કે કાવ્યાત્મકતાની ક્ષિતિજોને વિસ્તારવામાં કેવી રીતે સહાયકારક બને છે તેની પણ વીગતે, અનેક દૃષ્ટાંતો લઇને ચર્ચા કરી છે અને એના દ્વારા આ કાવ્યપંક્તિઓમાંથી પ્રગટતી કવિની દૃશ્યાંકન કરવાની વિલક્ષણ તરાહ પણ પ્રસંગોપાત ચર્ચી છે. છંદોબધ્ધ કાવ્યોમાં કવિએ છંદ સાચવવા માટે પદક્રમ ઉલટાવ્યો હોવાના ઘણા બધા દાખલા અહીં ચર્ચવામાં આવ્યા છે, તો કેટલીક પંક્તિઓમાં યોજાયેલો પદોનો વ્યુત્ક્રમ વીક્ષણની ક્રિયાના ભાગરૂપ ઘટકોના ક્રમ અનુસારની પદયોજના દર્શાવે છે અને કેટલીક પંક્તિઓમાં યોજાયેલ વિચલિત પદક્રમ અર્થપ્રાપ્તિમાં અવરોધક બને છે. આવી પણ ઘણી બધી પંક્તિઓની ચર્ચા અહીં વીગતે કરી છે.

વિચલિત પદક્રમની ચર્ચા કર્યા બાદ રાવજીએ યોજેલા વિભક્તિપ્રત્યય સહિતના અને વિભક્તિપ્રત્યય વગરના વિશેષણ-વિશેષ્યના અન્વયોની પણ વીગતે તપાસ કરી છે. આ અન્વયોમાં કવિ ક્યારેક માનભાષામાં મૂર્ત બાબત માટે પ્રયોજાતા વિશેષણને અમૂર્ત બાબત માટે પ્રયોજે છે, તો ક્યારેક અમૂર્ત બાબત માટે પ્રયોગરૂઢ થયેલા વિશેષણને મૂર્ત બાબત માટે પ્રયોજે છે. ક્યારેક વળી કવિએ પ્રયોજેલ વિશેષણપદ અર્થની દૃષ્ટિએ વિશેષ્યપદ તરીકે અને વિશેષ્યપદ વિશેષણપદ તરીકે પણ વર્તતું જોવા મળે છે. વિશેષણ-વિશેષ્યના અરૂઢ અન્વયોમાંના કેટલાક અર્થની દૃષ્ટિએ રૂપકાત્મક બને છે, તો કેટલાક અન્વયોમાં અર્થની દૃષ્ટિએ કારણ-કાર્ય, ઉપાદાન-ઉપાદેય, આધાર-આધેય વગેરેના સંબંધનો અર્થ વ્યક્ત થાય છે. વિશેષણ-વિશેષ્યના નવીકૃત અન્વયો રચવા ઉપરાંત કવિ કર્તા-ક્રિયાપદ, કર્મ-ક્રિયાપદ, કર્તા-કર્મ-ક્રિયાપદ, ક્રિયાવિશેષણ-ક્રિયાપદ વગેરેના પણ નવા અન્વયો રચે છે. આ અન્વયોમાં ક્યારેક ઇન્દ્રિયવ્યત્યય થતો અનુભવાય છે તો કેટલાક અન્વયો વળી લક્ષણાસાધક બને છે. આવા, તમામ પ્રકારના અરૂઢ અન્વયોની ચર્ચા એમના દ્વારા સધાતી અર્થાભિવ્યક્તિની ચમત્કૃતિને કેન્દ્રમાં

રાખીને વીગતે કરવામાં આવી છે. આ ચર્ચાને અંતે કવિના નવીકૃત અન્વયો અર્થગત વિચલનના પણ સાધક હોવાનું તારણ કાઢયું છે. આ કવિએ અક્ષરમેળ છંદોમાં પણ કાવ્યો રચ્યાં છે. આ કાવ્યોમાંનાં કેટલાંકમાં કડી રચવાની રૂઢ પરંપરાનું અનુસરણ થતું જોવા મળતું નથી. એમનાં કાવ્યોમાં ધ્રુવપંક્તિના પુનરાવર્તનની પણ નોખી નોખી ઢબ પ્રાપ્ત થાય છે, તો કેટલાંક છંદોબધ્ધ કાવ્યોમાં છંદોગત વિચલન પણ યોજાયેલું જોવા મળે છે. આ વિચલનની સાર્થકતા વિશે પણ અહીં સોદાહરણ ચર્ચ્યું છે. એમની કેટલીક કાવ્યપંક્તિઓમાં ગદ્યલય અને પરંપરિત લયની સેળભેળ થતી પણ અનુભવાય છે, જેની ચર્ચા અહીં વીગતે કરી છે.

રાવજીની કવિતા મૂળ તળપદા ગ્રામીણ પરિવેશનો પરિપાક છે એટલે એમાં નિરૂપિત સંવેદનને પણ તળપદો ભાષાપ્રયોગ વધુ અનુકૂળ આવતો જણાય છે. આ કાવ્યોમાં પ્રયુક્ત થયેલા આવા તળપદા શબ્દોની અને બોલીગત વિચલનોની પણ સોદાહરણ ચર્ચા અહીં કરવામાં આવી છે. એ જ રીતે કવિએ યોજેલ લેખનગત વિચલનો, રજિસ્ટરગત વિચલનો અને ઐતિહાસિક વિચલનો પણ તેમની સાર્થકતાની તપાસ સમેત અહીં વીગતે ચર્ચાયાં છે.

મહાનિબંધના છઠ્ઠા, 'રમેશ પારેખની કવિતામાં નવીકરણ, સમાંતરતા અને વિચલન' પ્રકરણમાં રમેશ પારેખના કાવ્યસર્જનમાં પ્રયોજાયેલા નવીકરણને સમાંતરતા અને વિચલનની પ્રયુક્તિઓના ઉપલક્ષમાં ચર્ચવામાં આવ્યું છે.

રમેશ પારેખનાં કાવ્યોમાં દૃષ્ટિગોચર થતી સમાંતરતાની પ્રયુક્તિ વિશેની વિશદ છણાવટ પ્રકરણારંભે કરી છે. એમની કાવ્યપંક્તિઓમાં યોજાયેલી ધ્વનિગત સંતુલ્યતા, સ્થાનગત સંતુલ્યતા, અર્થગત સંતુલ્યતા, વ્યાકરણગત સંતુલ્યતા અને સંરચનાગત સંતુલ્યતાવાળી પંક્તિઓમાં જોવા મળતી ચલક-અચલકની વિશિષ્ટ ભાત અહીં સોદાહરણ ચર્ચી છે. એમનાં કાવ્યોમાંની એકાદ-બે પદો સિવાય બાકીનાં બધાં પદો પુનરાવૃત્ત થતાં હોય તેવી અને પદાન્વયની ચમત્કૃતિવાળી યોજના ધરાવતી સમાંતર પંક્તિઓ પણ અહીં ચર્ચી છે, તો એની સાથે કેટલીક એવી પંક્તિઓની પણ સોદાહરણ ચર્ચા કરી છે જેમાં ધ્વનિગત સંતુલ્યતા યોજવી શક્ય હોવા છતાં કવિએ એવી વર્ણયોજના ન કરી હોવાથી ધ્વનિગત સૌંદર્યની નિષ્પત્તિ અવરોધાતી હોય.

સમાંતરતાની પ્રયુક્તિના આ કવિએ કરેલા વિનિયોગને તપાસ્યા બાદ આ પ્રકરણમાં કવિયોજિત વિચલનોને તપાસવામાં આવ્યાં છે. વિચલનની આ તપાસનો આરંભ કવિના વિપુલ કાવ્યસર્જનમાં નજરે પડતાં ધ્વનિગત વિચલનોના

ગણ્યાગાંઠ્યા પ્રયોગોની ચર્ચાથી કર્યો છે. આ ચર્ચા અંતર્ગત અનુપ્રાસની રૂઢિથી સાવ અલગ રીતે યોજાયેલ વર્ણાનુપ્રાસ-શબ્દાનુપ્રાસયુક્ત પંક્તિની ચમત્કૃતિપૂર્ણ ધ્વનિયોજનાની પણ છણાવટ કરી છે. ધ્વનિગત વિચલનની ચર્ચા બાદ કવિનાં શબ્દગત વિચલનોને તપાસવામાં આવ્યાં છે. કવિએ છૂટે હાથે કરેલા પ્રત્યયોના અરૂઢ વિનિયોગ દ્વારા સધાયેલી નવરચનાની ચર્ચા અહીં તે પ્રકારની વિભિન્ન રચનાપ્રક્રિયાઓને ધ્યાનમાં લઇને કરવામાં આવી છે. આ ચર્ચા અંતર્ગત નીચે પ્રમાણેની નવરચનાઓને તપાસવામાં આવી છે. કવિ સંજ્ઞાવાચક નામો અને વિશેષણોને વિવિધ પ્રત્યયો લગાડીને ભાવવાચક નામો બનાવે છે; સર્વનામને, ભાવવાચક નામોને અને વિશેષ નામોને પ્રત્યય લગાડીને નવા શબ્દો બનાવે છે; વ્યક્તિવાચક નામના અક્ષરોને છૂટા પાડીને તે અક્ષરોને પ્રત્યય લગાડીને નવા શબ્દો રચે છે; જે શબ્દોને જે પ્રત્યય લગાડવાની પ્રથા માનભાષામાં નથી તે શબ્દોને તે પ્રત્યયો લગાડવાની રીતનો આશ્રય લઇને વિશેષનામ, વસ્તુવાચક નામ, દ્રવ્યવાચક નામ વગેરે સાથે સંસ્કૃત કે ગુજરાતી તદ્ધિત પ્રત્યયોનો યોગ કરીને ભાવવાચક નામો બનાવે છે; માનભાષામાં પ્રચલિત શબ્દોના સાદૃશ્યથી નવા શબ્દો બનાવે છે; અરૂઢ સમાસો યોજે છે; કોઇ એક શબ્દને સામાસિક શબ્દોના ઉત્તરપદ તરીકે લઇને એની સાથે વિવિધ પૂર્વપદોને સંયોજે કે માનભાષામાં એક શબ્દને સામાસિક શબ્દોના પૂર્વપદ તરીકે લઇને એની સાથે વિવિધ ઉત્તરપદો સંયોજે અને પ્રચલિત શબ્દને વિભાષીય પૂર્વગ કે પ્રત્યય લગાડીને શાબ્દિક નવરચના કરે છે. આ તપાસ અન્વયે નવીકૃત શબ્દોની રચનાપ્રક્રિયાની અને એ શબ્દો દ્વારા નિષ્પન્ન થતી અર્થચમત્કૃતિની છણાવટ પણ અહીં એકાધિક ઉદાહરણો દ્વારા કરી છે. સંકર શબ્દો બનાવવાના કવિના વલણને અને એમણે યોજેલાં શબ્દકોટિગત વિચલનોને પણ અહીં સોદાહરણ તપાસવામાં આવ્યાં છે. આપણે ત્યાં વ્યવહારમાં રૂઢ બનેલા અને અરૂઢ રહેલા એમ બન્ને પ્રકારના અંગ્રેજી અને ઉર્દૂ શબ્દોના ઉપયોગ દ્વારા પ્રવર્તેલા તેમના વિભાષીય વિચલન યોજવાના વલણને અહીં એકાધિક ઉદાહરણો વડે સ્પષ્ટ કર્યું છે. શાબ્દિક વિચલનની આટલી ચર્ચા બાદ કવિપ્રયુક્ત અરૂઢ અન્વયોની રચનાપ્રક્રિયા વિશે અને અર્થાભિવ્યક્તિ વિશે છણાવટ કરવામાં આવી છે. આ છણાવટ અંતર્ગત વિશેષણ-વિશેષ્યના, કર્તા-ક્રિયાપદના, કર્મ-ક્રિયાપદના અને ક્રિયાવિશેષણ-ક્રિયાપદના અરૂઢ અન્વયો અહીં સોદાહરણ ચર્ચ્યા છે. આ તમામ પ્રકારના અરૂઢ અન્વયોમાં અર્થદૃષ્ટિએ નજરે પડતી વિવિધતાને લક્ષમાં રાખીને તેમની અર્થવ્યંજકતાની વિશદ છણાવટ અને ઉદાહરણોને ઉપયોગમાં લઇને કરવામાં આવી છે. અન્વયગત વિચલનની આ ચર્ચાની સાથે જ અર્થગત વિચલનની પણ ચર્ચા સાંકળી લઇને એ પછી કવિયોજિત રજિસ્ટરગત વિચલનો, વિભાષીય વિચલનો, ઐતિહાસિક વિચલનો અને સંખ્યાકીય વિચલનો વિશે પણ સોદાહરણ ચર્ચા કરવામાં આવી છે.

ઉપસંહારમાં, સમગ્ર અભ્યાસને આધારે આ પ્રમાણેનાં સર્વગ્રાહી નિરીક્ષણો નોંધવામાં આવ્યાં છે : કવિતાને તપાસવા માટે ભાષાલક્ષી અભિગમમાં પૂરતી વિનિયોજ્યતા રહેલી છે; આ અભિગમ વડે માત્ર કાવ્યપ્રયુક્ત ભાષાતત્ત્વોની ઓળખ જ સધાતી નથી પરંતુ કાવ્યગુણની તપાસ પણ થઇ શકે છે; ગુજરાતી કવિતામાં કાળક્રમે ભાષાતત્ત્વોના વિનિયોગમાં વૈવિધ્ય, વ્યાપ અને ઊંડાણ આવતાં ગયાં છે તથા ભાષાસાહિત્યનું શાસ્ત્રીય જ્ઞાન અને ભાષાના સર્જનાત્મક વિનિયોગની સૂઝ એ બન્નેનો અનિવાર્યપણે સંબંધ જોડી શકાતો નથી.

મહાનિબંધ માટે નિયત કરેલા વિષયની મર્યાદામાં રશિયન સ્વરૂપવાદ વિશે કે 'વક્રોક્તિ'ના વિભાવ વિશેની વીગતવાર ચર્ચા કરવાનું પ્રસ્તુત બનતું નહોતું છતાં પસંદ થયેલ વિષયવસ્તુ સાથે આ બન્ને મુદ્દા સંકળાયેલા હોવાથી એમને વિશેની ચર્ચા મહાનિબંધને અંતે પરિશિષ્ટ ૧ અને ૨ રૂપે કરવાનો લોભ જતો કરી શકી નથી. આ ઉપરાંત ભાષાલક્ષી અભિગમ સાથે સંકળાયેલા વિવિધ વિભાવોની છણાવટ કરવા માટે પૂરતી ચોક્સાઇવાળા પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરવાનું જરૂરી બન્યું છે. ગુજરાતીમાં આ પ્રકારના પ્રચલિત શબ્દોમાંથી જે શબ્દો યોગ્ય જણાયા તે અહીં ખપમાં લીધા છે, જે પ્રચલિત શબ્દો મારી અહીંની ચર્ચા માટે ઉપયુક્ત ન જણાયા તેમને બદલે નવા શબ્દો પ્રયોજ્યા છે, તેમજ જે વિભાવો માટે અગાઉથી કોઇ શબ્દો પ્રયોજાયેલા ઉપલબ્ધ થતા ન હોય તેમને માટે પણ નવા શબ્દો પ્રયોજ્યા છે. આ મહાનિબંધને અંતે એ તમામ શબ્દોની સૂચિ ત્રીજા પરિશિષ્ટ રૂપે જોડવામાં આવી છે.